# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


**તા.૧૪/૦૬/૨૦૨૫ શનિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૮૧૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૩ કેસ કરી, ૧૪ વ્યક્તિઓને ઝડપી, ૨૪ લીટર દેશી દારૂ, ૬૦ બોટલ ઇંગ્લીશ દારૂ, ૪૮૦ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૪૮૦ બિયર ટીન, ૦૧ રીક્ષા અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૧૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૮,૧૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૮૧૧/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૮૧૨/૨૦૨૫**

**નરોડાઃ** વસંતલાલ હિરાભાઇ પટેલ (ઉ.વ.૫૯)(રહે.પલકપાર્ક નિર્ણયનગર અંડરબ્રીજ પાસે ઘાટલોડીયા) એ તા.૧૩/૦૬/૨૦૨૫ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૪/૦૬/૨૦૨૫ સાંજના ૬/૦૦ થી તા.૦૯/૦૬/૨૦૨૫ કલાક ૯/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નરોડા મુઠીયા વ્હાઇટ પેલીકન પાછળ પ્રધાન મંત્રી આવાસ યોજના સાઈટ ખાતે નવા બનતા મકાનના બ્લોક “ડી’’ ખાતેથી કોપરના વાયર ૨૦૦૦ મીટર કિંમત રૂપિયા ૯૪,૯૮૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એમ.જોગડા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૮૧૩/૨૦૨૫**

**ચાંદખેડાઃ** પાયલબહેન ડો/ઓ લાલસિંગભાઇ ભાભોર (ઉ.વ.૨૪)(રહે, ગણેશનગર નર્સરી, પુજા ફ્લેટ પાછળ, ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૬/૨૦૨૫ સવારના ૬/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ઓસરીમા હિંચકાના હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એચ.પટેલ ચલાવે છે.

**આનંદનગરઃ** પ્રહલાદનગર જુનીયર સ્કુલ પાસે અશ્વરાજ બંગલોઝ ખાતે રહેતા શ્રવણ રામઅવતાર દેઓરા નાઓની સગીર વયની પુત્રીએ અગમ્ય કારણસર તા.૧૨/૦૬/૨૦૨૫ રાતના ૧૦/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સુરેશભાઈ ગાભાભાઇ ચલાવે છે.

**નારોલઃ** પંકજ કેશવપ્રસાદ કોષ્ટી (ઉ.વ.૨૯)(રહે.આકૃતી ટાઉનશીપ વિભાગ–૨, સમૃધ્ધી ટેનામેન્ટ સામે, નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૬/૨૦૨૫ સવારના ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી શાર્દુલભાઇ ગણપતભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી